# દેવે દુષ્ટ શહેરનો કોટ તોડી પાડયો

**પ્રાર્થના :** પ્રભુ બાળકોને તમારી આજ્ઞાઓ પાળવામાં સહાય કરો કારણકે તેઓ તમને પ્રેમ કરે છે. બાળકોની ઉંમર અને જરુરિયાતો પ્રમાણેની પ્રવૃત્તિઓ પંસદ કરો.

યરોખોના કોટની વાર્તા યહો.૬:૧-૨૦ પ્રમાણે કોઈ બાળક અથવા શિક્ષક પોતાની રીતે બોલી જાય

- યહોશુઆ એક પ્રભુભકત આગેવાન હતો જેણે પોતાના લોકોને દેવની આધિનતામાં દોર્યા.



- દેવે પોતાનુ સામર્થ્ય અને ઈસ્ત્રાએલી લોકોની આધીનતા એ બંને દ્વારા કેવો મહાન વિજય હાંસલ કર્યો તે સાંભળી અને સમજવા માટે બાળકોને કહો.

  **વાર્તા કહી રહ્યા પછી** આ પ્રશ્નો પૂછો. જવાબો સાથે જ છે.

- યરેખોને જીતી લેવા માટે દેવે કોને આજ્ઞાઓ આપી ?(યહો.૬:૨)
- છ દિવસો સુધી રોજ શું કરવા માટે દેવે ઈઝરાયેલીઓને આજ્ઞાઓ આપી ?(૬.૩)
- દેવે લોકોને સાતમે દિવસે શું કરવાનું કહયું ?(ક.૪-૫)
- લોકો દેવને આધિન થયા ત્યારે યરેખો શહેરના કોટનું શું થયુ ?(ક.૨૦)
- યહોશુઆ સારો આગેવાન હતો તેવું શા પરથી કહી શકાય ?(તેણે દેવની આજ્ઞાઓને કાળજીપૂર્વક પાળી)

  યરેખોના કોટની વાર્તાનું **નાટક બનાવો** સભાના આગેવાની આ નાટક રજુ કરવા અંગેની મંજૂરી લો.

- બાળકોને નાટક તૈયાર કરાવો મોટા છોકરા નાનાની મદદ કરે.
- તમારે બધા ભાગો વાપરવાના નથી મોટા છોકરા આ પત્રો ભજવે

  **વર્ણન કરનાર** વાર્તાનુ સંક્ષેપિકરણ કરે અને બાળકોને સંવાદો શીખવે.

  **દેવની વાણી**

  **યહોશુઆ** - તે દેવની આજ્ઞાઓનુ પાલન કરે

- **નાના બાળકો** નીચેના પાંત્રો ભજવે

  **યાજકો**-એક મોટો ડબ્બો કરારકોશ તરીકે તેઓ ઉપાડે ગોળ વાળેલાકાગળ રણશિગંડા તરકે વાપરવા.

  **ઈસ્ત્રાએલીઓ** કોટની આસપાસ ફેરા ફરે

  **યરેખોના લોકો** શરુઆતમાં ઈસ્ત્રાએલીઓન

**વર્ણન કરનાર** : યહો.૬:૧-૧૪ મુજબ વાર્તાનો ભાગ કહે પછી કહે સાંભળો દેવ યહોશુઆને શું કહે છે ?

**દેવનો અવાજ** : યહોશુઆ લોકોને સાત દિવસ સુધી રોજ યરેખો શહેરના કોટની આસપાસ પ્રદક્ષિણા કરવાનું કહે તમારી આગળ કરારનો કોશ ચાલે સાતમે દિવસે તમારે રણશિગંડા વગડાવવા અને શહેરનો કોટ તૂટી પડશે.

**યહોશુઆ** : દેવની આજ્ઞા લોકોને કહી સંભળાવે

**યાજકો** : યરેખો શહેરની આસપાસ ફરતા તેઓ કરાર કોશ ઉંચકે અને રણશિંગડાં વગાડે

**ઈસ્ત્રાએલીઓ** : યાજકોની પાછળ પાછળ પ્રદક્ષિણા કરે.

**યરેખોના લોકો તેઓ બોલે** : આમ ગોળ ફર્યા કરો "જો તમે લડવા નહી આવો તો તમને કઈ મળશે નહિ".
વર્ણન કરનાર વાર્તાનો બીજો ભાગ કહે યહો.૬ :૧૫-૨૦.પછી કહે સાંભળો યહોશુઆ લોકોને શુ કહે છે ?

**યહોશુઆ** : જયારે તમે રણશિંગડાંનો અવાજ સાંભળો ત્યારે જોરથી હોંકારો કરજો શહેરનો કોટ સીધો તૂટી પડશે તમે તરતજ નગરમાં ધસી જજો

**યાજકો અને ઈસ્ત્રાએલીઓ** : એક ઉપર એક ગોઠવેલા પથ્થરોની આજુબાજુ સાત વખત પ્રદક્ષિણા કરે દરેક વખતે જોરથી નંબર બોલે સાતમી વખતે રણશિંગડા ફૂંકે હોકારો કરે અને કોટી તૂટી પડે.

**યરેખોના લોકો** : નાસી છૂટે અને બૂમો પાડે ઈસ્ત્રાએલના દેવે આપણો કોટ તોડી પાડયો

**ચિત્ર** : બાળકો યરેખો શહેરના પડતા કોટનું ચિત્ર દોરે અથવા એક પર એક ગોઠવેલા પથ્થરોનું ચિત્ર દોરે.

- આ ચિત્રો ભજનસેવા વખતે સભામાં બતાવે અથવા પોતાના ધેર મા બાપને બતાવે
- તેઓ નાટકનો સારાંશ કહે કે દેવ પોતાનુ સામર્થ્ય અને આપણું આજ્ઞાપાલન એ બંને બાબતોનો ઉપયોગ શેતાન આપણી આસપાસ જે દિવાલ બાંધે છે તે તોડી પાડવા માટે કરે છે.
- મોટા બાળકો નાનાની મદદ કરે.

**પ્રશ્નો**- જો આ વાર્તા મોટાઓ સમક્ષ ભજવી હોય તો ઉપર દર્શાવેલા પસ્નો પણ પૂછી શકાય

**પ્રવૃત્તિ** યરેખો શહેરનો કોટ સાતમે દિવસે તૂટી પડયો તે બતાવો

- નાના પથ્થરોની એક નાની દિલાલ બનાવો
- એક મોટો છોકરો આ કાંટાની આસપાસ પ્રદક્ષિણા કેવી રીતે કરવી તે બતાવે
- સાત વખત આ રીતે તેઓ પ્રદક્ષિણા કરે પછી તેઓ રણશિગડા વગાડતા હોય અને હોકારો કરતા હોય તેવુ દેખાડે પછી દિલાલ તોડી પાડે.
- આ દિવાલમાં કોઈ ઈનામ છુપાવવું કે બાળકો શોધે.

**ચર્ચા**-દેવ આપણી આધિતનતાને કારણે પોતાના સામથર્યથી જે બીજા મહાન કામો કરે છે. તેના ઉદાહરણ આપો. (બાળકો કે મોટા આમાં ભાગ લઈ શકે)

ચાર બાળકો નીતી ૩ઃ૫,૬,૧૧ અને ૧૨ દરેક એક કલમ બોલી જાય.

યો.૧૪ઃ૨૩ **મુખપાઠ કરવુ**

મોટા બાળકો ગીત કે નાટક આ વિષયને લગતુ બનાવે

**પ્રાર્થના** : પ્રભુ અમે તમને પ્રેમ કરીએ છીએ એટલા માટે તમે અમારી પાસે શું કરાવવા માંગો છો તે અમે શિખવા ચાહીએ છીએ. અમે અમારા ખરા હદયથી તમને સાચી રીતે આધીન થવા માંગીએ છીએ અમારા આગેવાનોને આશિર્વાદ આપો જેથી તેઓ તમારી આજ્ઞાઓ અમને સમજાવી જે અમે રોજ રોજ પ્રેમથી માનીએ.

Copyright © 2004 by Paul - Timothy. May be freely copied.
Download from www.Paul-Timothy.net.